# માર્ગદર્શિકા

## હયાત સપાટીય જળસ્રોતો(તળાવ/ચેકડેમ)ની જાળવણી અને વ્યવસ્થાપન

Standard Operating Procedure

Guidelines & Support



K-MARC
Kankavati Managed Aquifer Recharge Through Community
Groundwater - Secure it, Secure your self

Visit Us
www.kmarc.live
www.act-india.org

ARID COMMUNITIES & TECHNOLOGIES


એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ
એ-૫૬, ચંગલેશ્વર સોસાયટી, રંજનવાડીની સામે,
મુન્દ્રા રોડ રી લોકેશન સાઇટ, ભૂજ-કચ્છ.

# માર્ગદર્શિકા

## હયાત સપાટીય જળસ્રોતો(તળાવ/ચેકડેમ)ની જાળવણી અને વ્યવસ્થાપન

## અનુક્રમ


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૦૩ |
| ૧ | શકયતા(ફિઝીબિલીટી) ચેક કરવી | ૦૩ |
| ૧.૧ | ઇતિહાસ | ૦૩ |
| ૧.૨ | વપરાશ | ૦૪ |
| ૨ | જળ સંતુલન(વોટર બેલેન્સ) | ૦૪ |
| ૨.૧ | પાણીની આવક-જાવકના માર્ગ અને ક્ષમતા | ૦૪ |
| ૩ | આયોજન | ૦૪ |
| ૩.૧ | ખાણેત્રું | ૦૪ |
| ૩.૨ | પાળનું સમારકામ | ૦૪ |
| ૩.૩ | જાળી/જંગલનું કટિંગ | ૦૫ |
| ૩.૪ | ઓગન સબંધિત કામગીરી | ૦૫ |
| ૩.૫ | આવકક્ષેત્રની સુધારણા(કેચમેન્ટ ટ્રીટમેન્ટ) | ૦૫ |
| ૪ | અમલીકરણ | ૦૫ |
| ૫ | કામના કરાર(કોન્ટ્રાક) તૈયાર કરવા | ૦૫ |
| ૬ | કામગીરીનું અમલીકરણ અને દેખરેખ(મોનિટરીગ) | ૦૬ |
| ૭ | કામગીરીનું મૂલ્યાંકન | ૦૬ |
| ૮ | વ્યવસ્થાપન | ૦૬ |
| ૮.૧ | ઉપભોક્તા નક્કી કરવા | ૦૬ |
| ૮.૨ | ઉપભોક્તાની સમિતિ કે જૂથ બનાવવું | ૦૬ |
| ૮.૩ | સમિતિ સાથે તળાવ વ્યવસ્થાપનની રૂપરેખા તૈયાર કરવી | ૦૬ |




# માર્ગદર્શિકા
# હયાત સપાટીય જળસ્રોતો(તળાવ/ચેકડેમ)ની જાળવણી અને વ્યવસ્થાપન

**પ્રસ્તાવના**

કચ્છ જિલ્લો શુષ્ક અને અર્ધશુષ્ક આબોહવા ધરાવતો પ્રદેશ છે. કચ્છની ઉત્તરે રણ અને દક્ષિણે કચ્છનો અખાત આવેલો છે. અહી કિનારાના વિસ્તારમાં ભેજનું પ્રમાણમાં વધારે જોવા મળે છે. આ વિસ્તારમાં મુખ્યત્વે ત્રાણ ઋતુઓ જોવા મળે છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. કચ્છમાં શિયાળાની ઋતુમાં નવેમ્બર મધ્યથી ફેબ્રુઆરી, ઉનાળાની ઋતુ માર્ચથી જુનના પખવાડિયા સુધી જયારે જુન પખવાડિયાથી ઓકટોબર સુધી ચોમાસાની ઋતુ હોય છે. મુખ્યત્વે ઓકટોબરથી નવેમ્બર મહિનાઓમાં વરસાદ પડયા પછી શિયાળા તરફ જવા માટેનો સમયગાળો છે. શિયાળામાં અતિશય ઠંડી પડે છે અને કયારેક-કયારેક તાપમાનનો પારો શૂન્ય ડીગ્રી સુધી નીચે જાય છે. ડિસેમ્બર મહીનામાં અહીંનો શિયાળો બીજા વિસ્તારોની સરખામણીમાં થોડો લાંબો હોય છે. ઉનાળામાં અતિ ગરમી પડે છે અને પારો ૪૫° થી ૪૬° સે. સુધી ઊંચે જાય છે તથા ગરમ પવનો ફૂંકાય છે. ઉનાળામાં હવામાં ભેજનું પ્રમાણ ઘણું ઘટી જાય છે.

કચ્છ પ્રદેશમાં રાજાશાહીના સમયગાળામાં દરેક ગામમાં, ગામલોકો દ્વારા તેમની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખી તળાવોની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આ તળાવોની વ્યવસ્થા એ રીતે ઊભી કરવામાં આવી હતી કે ગામની સંપૂર્ણ પાણીની જરૂરિયાત સંતોષાતી અને જરૂરિયાત મુજબનું પાણી તળાવમાં આવતું રહે તે માટે તેના આવકક્ષેત્રને પણ ખાસ ધ્યાનમાં રાખવામાં આવતા હતા.

સમય જતા લોકોએ આવા પ્રકારના તળાવ પર ધ્યાન આપવાનું બંધ કર્યુ અને પાણીની જરૂરિયાત સંતોષવા માટે કૂવા બનાવવા લાગ્યા અને કોસ દ્વારા તેમાંથી પાણી કાઢતા હતા. આવકના પ્રમાણમાં વધારો થતા ધીમે-ધીમે ડીઝલ એન્જિન દ્વારા પાણી કાઢતા થયા, આમ તળાવ પરથી લોકો ધ્યાન હટાવી અને ભૂગર્ભજળને ઉલેચવામાં લાગી ગયા. આ ઉપરાંત દુષ્કાળના સમયમાં લોકોની પાણીની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા બોરવેલ બનાવવામાં આવ્યા અને ટેન્કર દ્વારા પાણી સપ્લાય કરવાનું શરૂ થયું. સરકારને એ સમયે લોકોની પાણી જરૂરિયાતને પહોંચી વળવાનો સરળ રસ્તો લાગ્યો અને લોકોને પાણી કાઢવા માટે સરળતા રહે તે માટે વિજળીમાં સબસીડી આપવામાં આવી અને આ કારણે લોકો વધુને વધુ ભૂગર્ભજળ ઉલેચવામાં લાગી ગયા. આથી તળાવોની જે પરંપરાગત વ્યવસ્થા હતી તે નષ્ટ થઇ ગઇ. ફરી આ વ્યવસ્થા જીવતં થાય અને ભૂગર્ભજળનું રીચાર્જ થાય અને શોષણ ઘટે તે માટેના સહિયારા પ્રયાસથી સી.જી.પી.એલ, એકટ-સંસ્થા અને જીયો સાયન્સ સર્વિસિસ દ્વારા સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપનના કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યા છે.

**૧. શકયતા(ફિઝીબિલીટી) ચેક કરવી**

જે તળાવની સુધારણા કરવાનું નક્કી કરવામાં આવે તેની શકયતાઓ ચેક કરવી જરૂરી બની રહે છે. જે માટે નીચે જણાવેલા તબક્કા અનુસરવામાં આવે છે.

**૧.૧ ઈતિહાસ**

જે તળાવની સુધારણા કરવાની છે તેનો ઇતિહાસ તપાસવો. તળાવના ઈતિહાસની માહિતી મેળવવા માટે નીચે જણાવેલા સવાલોના જવાબો મેળવવા:

૧. તળાવ કયારે બનાવવામાં આવ્યું હતું?

૨. કોના દ્વારા બનાવવામાં આવ્યું હતું?





૩. એ સમયે તળાવની સંગ્રહક્ષમતા કેટલી હતી?
૪. પાણીની આવકનો વિસ્તાર કેટલો હતો?
૫. એ સમયે કેટલો વરસાદ પડતો અને કેટલા ઈંચ વરસાદ પડે ત્યારે તળાવ ઓગનતુ હતું?

### ૧.૨ વપરાશ

તળાવ જે સમયે બનાવવામાં આવ્યું હતુ ત્યારે તે તળાવ કયા હેતુ માટે બનાવવામાં આવ્યું હતું-માનવને પીવા માટે, પશુને પીવા માટે, સિંચાઇ માટે કે અનુશ્રવણ માટે. એ હેતુ પ્રમાણે વર્તમાન સમયમાં તળાવનો ઉપયોગ થાય છે કે નહી તે જાણવું અને જો હેતુ પ્રમાણે ઉપયોગ ન થતો હોય તો તે અંગેના કારણો જાણવા.

## ૨. જળ સંતુલન( વોટર બેલેન્સ)

જે તળાવમાં સુધારણા કરવાનું નકકી કરવામાં આવ્યું છે તેના વપરાશની માહતી મેળવ્યા બાદ એ માહિતી મેળવી લેવી જરૂરી બની રહે છે કે આ તળાવ ગામના અલગ-અલગ જળ વિભાજક(વોટરશેડ)માંથી કયા વોટરશેડમાં આવે છે. આ વોટરશેડમાં પાણીની કેવા-કેવા પ્રકારની જરૂરિયાત છે. માનવને પીવા માટે, પશુને પીવા માટે, ખેતી માટે વગેરે. વપરાશની માહિતી મેળવ્યા બાદ વર્ષ દરમિયાન કેટલા પાણીની જરૂરિયાત છે તેની ગણતરી કરવી. વોટરશેડમાંથી પાણીની જરૂરિયાતનો અંદાજ મેળવ્યા બાદ, તળાવમાં પાણીની આવક કેટલી છે તેની ગણતરી કરવી. જો જરૂરિયાતની સાપેક્ષે પાણીની આવક બરાબર હોય તો તળાવ અને તેના આસપાસના ક્ષેત્રોની યોગ્ય જાળવણી કરવી. પાણીની આવક વધારે હોય તો વધારાના પાણીનું યોગ્ય વ્યવસ્થાપન કરવું અને જો પાણીની આવક ઓછી હોય તો તળાવ અથવા તળાવની આસપાસ કેવા પ્રકારની કામગીરી કરવાથી આવકક્ષેત્રમાં સુધારો થાય તથા પાણીની જરૂરિયાત સંતોષાય છે કે નહી તેની ગણતરી કરવી.

### ૨.૧ પાણીની આવક-જાવકના માર્ગ અને ક્ષમતા



તળાવ સુધારણા માટે જે કામગીરી નક્કી કરવામાં આવી છે તે કામગીરી કર્યા બાદ, તળાવમાં પાણીની આવક કેટલી થશે અને તળાવની સંગ્રહક્ષમતા કેટલી છે તથા તળાવના પાણીની જાવકના માર્ગમાં કોઇ મુશ્કેલી હોય તો તે તપાસવી અને તે અંગેની કામગીરી કરવાનું પણ આયોજન તૈયાર કરવું. જો આમ ન કરવામાં આવે તો પાણીની આવક વધે અને તળાવની સંગ્રહક્ષમતા ઓછી હોય તો કામગીરી કર્યાનું યોગ્ય પરિણામ મળે નહી. તળાવની સુધારણા કર્યા બાદ જાવકના માર્ગમાં કોઇ મુશ્કેલી તો પાણીની આવક વધવાથી અને તળાવમાં પાણી સંગ્રહ ન થવાથી અન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડે આથી, તળાવ સુધારણા કરવાથી ઇચ્છિત પરિણામ મળતું નથી. આમ, તળાવ સુધારણા કરતાં પહેલા પાણીની આવ-જાવકના માર્ગ અને તળાવની સંગ્રહક્ષમતાનો સંપૂર્ણ અભ્યાસ કરવો. આ અભ્યાસના આધારે તળાવ સુધારણાની કામગીરી કરવામાં આવે તો નાણાનો વ્યય થતો અટકે છે અને જરૂરિયાત પ્રમાણેનું ઇચ્છિત કાર્ય થવાથી સકારાત્મક પરિણામ મળે છે.

## ૩. આયોજન

તળાવનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ શકયતઃ કામગીરીનું એક સચોટ આયોજન બનાવવું જરૂરી છે. આ આયોજનમાં તળાવ સુધારણા માટે નીચે જણાવેલી કામગીરીનું આયોજન તળાવની વતર્માન સ્થિતિ અને જરૂરિયતના આધારે કરવાનું હોય છે.

### ૩.૧ ખાણેત્રું

તળાવ વર્ષો જુનું હોય તો તેમાં માટી ભરાઇ ગઇ હોય તો તેની સંગ્રહક્ષમતા ઓછી થઇ ગઇ હોય છે. આથી, તળાવની સંગ્રહક્ષમતા વધે તે માટે તેમાંથી માટી કાઢવા માટે ખાણેત્રું કરવું જરૂરી બની જાય છે. ખાણેત્રું કેટલી ઊંડાઇ સુધી કરવું તે તળાવના તલસ્પર્શી અભ્યાસના આધારે નક્કી કરવામાં આવે છે. તળાવ બન્યું હતું ત્યારે તેની ઊંડાઇ કેટલી હતી અને વર્તમાન સમયમાં તેની ઊંડાઇ કેટલી છે તે જાણી માટીના થરનું ખાણેત્રું નક્કી કરવાથી તળાવની યોગ્ય ઊંડાઇ મળી રહેશે. તળાવમાંથી જે માટીનું ખાણેત્રું કરવામાં આવે તે માટી કાંપવાળી હોય તો, ખેડૂતો સાથે બેઠક કરી આવી માટી ખેતરની માટીમાં ભેળવી દેવાથી ભેજ સંરક્ષણ વધે છે અને ખેતીમાં ફાયદો થાય છે. જો માટી કાંપવાળી ન હોય તો તેનો ઉપયોગ ખેતરમાં બંધપાળા બનાવવામાં કરવાથી ખેતરની માટીનું ધોવાણ થતું અટકે છે. આ રીતે ખાણેત્રાની કામગીરી ખડૂતો સાથે સંકલન કરીને કરવાથી લાભદાયી બની રહે છે.

### ૩.૨ પાળનું સમારકામ

જયારે તળાવ બનાવવામાં આવેલું હોય ત્યારે, જો પાણીની આવક-જાવક તથા તળાવની સંગ્રહક્ષમતાને ધ્યાને રાખવામાં આવેલી ન હોય અને તળાવની પાળ બનાવવામાં આવી હોય તો આવી પાળ પાણીની આવકના વેગ અને વધુ પ્રમાણમાં પાણી તળાવમાં ભરાવાના કારણે આવી પાળ તૂટી જાય છે.

આથી આવી પાળનું સમારકામ કરવાની કામગીરી આયોજનમાં લેવામાં આવે છે. વર્તમાન સમયમાં પાણીની આવક-જાવક, તેનો વેગ તથા તળાવની સંગ્રહક્ષમતા પ્રમાણે પાળની ઊંચાઇ અને તેની જાડાઇ નક્કી કરી પાળનું સમારકામ આયોજનમાં મૂકવું. તળાવની પાળ ઉપર કાળા પથ્થરનું પિચીંગ કરવાથી પાળની મજબૂતાઇ વધે છે.

### ૩.૧ ઝાળી/જંગલનું કટિંગ

તળાવના વ્યવસ્થાપનની વ્યવસ્થાના અભાવે તળાવમાં, તળાવની આસપાસ તથા તેના આવક-જાવક ક્ષેત્રોમાં જંગલી વનસ્પતિઓ ઊગી નીકળતી હોય છે. આવી વનસ્પતિઓનો વધારે પ્રમાણમાં ભરાવો તળાવ બનાવવાના હેતુમાં અડચણ ઊભી કરે છે. આથી આવી વનસ્પતિઓનું કટિંગ કરવાની કામગીરી પણ આયોજનમાં મૂકવામાં આવે છે. તળાવ અને તળાવની આસપાસ તથા તેના આવક-જાવક ક્ષેત્રોમાં પદયલન કરી કેટલા વિસ્તારમાંથી આવી વનસ્પતિઓનું કટિંગ કરવું તેની ગણતરી કરી તેનો આયોજનમાં સમાવેશ કરવો.

### ૩.૨ ઓગન સબંધિત કામગીરી



તળાવના જાવક ક્ષેત્ર પાસે જે ઓગન બનાવવામાં આવેલું હોય તે પાણીની આવક અને તેના વેગને ધ્યાનમાં રાખી બનાવવામાં ન આવેલું હોય તો ચોમાસાની ઋતુંમાં વરસાદ વધારે પડે તો આવા ઓગનને નુકશાન થાય છે અથવા તે તૂટી જાય છે. આમ થવાથી તળાવમાં સંગ્રહ પામેલું પાણી વહીને જાવક ક્ષેત્ર દ્વારા અન્યત્ર પહોચી જાય છે અને તળાવ ખાલી થઇ જાય છે. આ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે ઓગનની ડિઝાઇન યોગ્ય રીતે બનાવવી જરૂરી બની જાય છે. તળાવ સુધારણાના આયોજનમાં અથવા નવુ ળાવ બનાવતા હોઇએ ત્યારે ઓગનની ડિઝાઇન બનાવતી વખતે તળાવનું આવક-જાવક ક્ષેત્રને ધ્યાનમાં રાખવું જોઇએ. ઓગન સંબધિત કામગીરી આવક-જાવકના ક્ષેત્ર, એ ક્ષેત્રનો ઢાળ અને તળાવ જે વિસ્તારમાં આવેલું છે તે વિસ્તારની વરસાદની મહત્તમ માત્રા ઉપર આધાર રાખે છે. આટલી વિગત મેળવ્યા બાદ વહતા પાણીનો વેગ કેટલો હશે તેની અંદાજિત ગણતરી કરી ઓગનની ડિઝાઇન નક્કી કરવાની હોય છે.

### ૩.૩ આવક ક્ષેત્રની સુધારણા( કેચમેન્ટ ટ્રીટમેન્ટ )

જયારે તળાવ બનાવવામાં આવે ત્યારે તેના પાણીના આવકના વિસ્તારને ધ્યાનમાં રાખી તળાવ બનાવવામાં આવે છે. પરંતુ, તળાવના વ્યવસ્થાપનના અભાવને કારણે પાણીની આવકના વિસ્તારમાં વનસ્પતિઓ ઊગી નીકળી હોય છે જે પાણીનો વેગ ઘટાડે છે. કયારેક કેટલાક લોકો દ્વારા પાણીની આવકના આ વિસ્તારમાં રહેણાંક બનાવવા કે અન્ય હેતુથી દબાણ કરવામાં આવે છે જેને કારણે પાણીનું વહેણ તળાવ સુધી પહોચવાને બદલે અન્ય દિશામાં ફંટાઇ જાય છે. આમ, તળાવમાં પાણીની આવક ઓછી થાય છે જેને કારણે તળાવ ખાલી રહેતું હોવાથી તળાવ બનાવવાનો હેતુ પૂર્ણ થતો નથી. તળાવમાં વરસાદનું પાણી સતત આવતું રહે અને તળાવ બનાવાનો હેતુ પૂર્ણ થાય એ માટે તળાવની આવકનો વિસ્તાર ચોખ્ખો હોય તે જરૂરી છે. આથી, તળાવના આવક ક્ષેત્રનો પદયલન દ્વારા અભ્યાસ કરી તેની સુધારણા કરવા માટેના અગત્યના મુદાઓ નોંધી તેનો આયોજનમાં સમાવેશ કરવો જરૂરી બની જાય છે. તળાવના આવક ક્ષેત્રમાં કરવામાં આવેલી કામગીરીને અંગ્રેજીમાં કેચમેન્ટ ટ્રીટમેન્ટ કહેવામાં આવે છે. આ કામગીરીમાં આવકક્ષેત્રની સાફ-સફાઇની સાથે ઢાળ અને ઢોળાવના આધારે કેટલાક ઇજનેરી સ્ટ્રકચરો તૈયાર કરવામાં આવે છે જેથી વહેતા પાણીનું વહેળ યોગ્ય રીતે તળાવ સુધી પહોચે.

## ૪. અમલીકરણ

આયોજન તૈયાર થયા બાદ, આયોજનમાં સમાવેશ કામગીરીના અમલીકરણ માટે વિવિધ પ્રકારની મંજુરી મેળવવી પડે છે, જ આ પ્રમાણે છેઃ

- ટેકનીકલઃ ટેકનિકલ જ્ઞાન ધરાવતી સંસ્થા કે એજન્સી દ્વારા કામગીરી માટેના સર્વે કરી, કામગીરીનું એસ્ટીમેટ તૈયાર કરવામાં આવે અને નિષ્ણાંત દ્વારા તેને મંજૂર કરાવવું.
- નાણાકિયઃ ટેકનિકલ એજન્સી દ્વારા જે અભ્યાસ કરીને કામગીરી માટે જે એસ્ટીમેટ તૈયાર કરવામાં આવેલું હોય તે પ્રમાણે નાણાકિય ભંડોળ મેળવવા માટે નાણાકિય વ્યવસ્થા કરી આપતી સંસ્થા/એજન્સી/સરકારી ખાતા કે દાતાઓ પાસેથી તે મંજૂર કરાવવું.
- સામાજિકઃ ટેકનીકલ અને નાંણાકિય મંજૂરી મેળવ્યા બાદ જે વિસ્તારમાં કામગીરી કરવાની છે તે વિસ્તારના લોકો/ગ્રામ પંચાયત/ગામ દ્વારા સંચાલિત મંડળીઓ સાથે બેઠક કરી સર્વાનુમતે કામગીરી કરવાની મંજૂરી મેળવવી.

### ૫. કામના કરાર( કોન્ટ્રાકટ )તૈયાર કરવા

ટેકનીકલ એજન્સી દ્વારા કામગીરી માટે જે એસ્ટીમેટ તૈયાર કરવામાં આવ્યું તેના આધારે ટેન્ડર બનાવી અને જે તે પંચાયતને આપવામાં આવે અને પંચાયત તેમના ગામના કોન્ટ્રાકટરને આ ટેન્ડર ભરવા માટે આપે. કોન્ટ્રાકટર કામની વિગત સમજી અને તેના આધારે ટેન્ડર ભરી પંચાયતને આપે ત્યાર બાદ કામગીરી સાથે સંકળાયેલા તમામ લોકો સંસ્થા, પંચાયત, કોન્ટ્રાકટર અને ગામ સમિતિ વચ્ચે આ ટેન્ડર ખોલવામાં આવે અને નીચા ભાવ

ભરનારને સર્વાનુમતે કામગીરી સોંપવાની જાહેરાત કરવામાં આવે છે. અમુક સંજોગોમાં જયારે આવેલા બધા જ ટેન્ડરનો ભાવ એસ્ટીમેટ કરતા વધારે આવે તેવા સંજોગોમાં સૌથી નીચા જે ત્રણ લોકોના ભાવ આવ્યા હોય તેની સાથે બેસી ભાવ ઘટાડવામાં આવે અને નીચા ભાવ આપનારને કામગીરી સોપવાની જાહેરાત કરવામાં આવે છે. કામગીરીની સોપણી થયા બાદ તે કોન્ટ્રાકટર સાથે કામગીરી અંગેના નીતિ-નિયમો અને કામની ગુણવત્તા સંબંધિત કરાર કરવામાં આવે છે જેમાં કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે તેનો પણ ઉલ્લેખ કરવાનો હોય છે.

## ૬. કામગીરીનું અમલીકરણ અને દેખરેખ( મોનિટરિંગ)

જે કોન્ટ્રાકટરને કામગીરી આપવામાં આવે તેને કામગીરીની સમજણ આપવામાં આવે અથવા તો તેમને કેટલીક અગત્યની બાબતો અંગે સભાન કરવામાં આવે અને તેના આધારે કોન્ટ્રકટર કામગીરીનું અમલીકરણ કરે. અમલીકરણ દરમિયાન કામગીરી કરાર પ્રમાણે અને કાર્ય ગુણવત્તાયુકત થઇ રહ્યું છે કે નહી તેનું નિષ્ણાંત, એજન્સી કે મંડળી દ્વારા સતત દેખરેખ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

## ૭. કામગીરીનું મૂલ્યાંકન

કામગીરી પૂર્ણ થયા બાદ ટેકનિકલ ટીમ/નિષ્ણાંત દ્વારા થયેલી કામગીરીનું સ્થળ ઉપર મૂલ્યાંકન કરવામાં આવે છે. કામગીરીમાં નાણાકિય વપરાશ એસ્ટિમેટ પ્રમાણે અને કામગીરીની ગુણવત્તા કરાર પ્રમાણે થઇ છે કે નહી તે ચકાસવામાં આવે છે. જો મૂલ્યાંકન સકારાત્મક હોય તો કામગીરીનું અમલીકરણ પૂર્ણ થયેલું જાહેર કરી ટેકનિકલ ટીમ/નિષ્ણાંત દ્વારા કોન્ટ્રાકટરને કામગીરી પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ રીતે કામગીરીનું અમલીકરણ પૂર્ણ થયેલું ગણાય છે. જો ટેકનિકલ ટીમ કે નિષ્ણાંતને કામગીરી સંતોષારક જણાતી ન હોય તો તે કોન્ટ્રાકટરને કામગીરી સંતોષકારક કરવા માટેની નોટિશ આપી શકે છે. નોટિશમાં જણાવ્યા પ્રમાણેની કામગીરી કોન્ટ્રાકટરે સમય મર્યાદામાં પૂર્ણ કરી અમલીકરણ પૂર્ણ કરવાનું હોય છે.

## ૮. વ્યવસ્થાપન

આવા પ્રકારના અમલિકરણના કાર્યા પુર્ણ થયા બાદ તેમનું વ્યવસ્યાપનનું કાર્ય એ ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે.આવા પ્રકારના કાર્યામાં નીચે પ્રમાણેના કાર્યાનો સમાવેશ થાય છે.

### ૮.૧ ઉપભોક્તા નક્કી કરવા

કામગીરીનું અમલીકણ થયા બાદ લાભાર્થી અથવા તો ઉપભોક્તાના જૂથ બનાવવા અને ઉપયુકત લાભ સૌને સમાન રીતે મળે તે અંગેના નીતિ-નિયમો બનાવી તેનું પાલન દરેક જૂથ/ઉપભોક્તા કરે તેવી વ્યવસ્થા ગોઠવવી.

### ૮.૨ ઉપભોક્તાની સમિતિ કે જૂથ બનાવવું

ઉપભોક્તા કે જૂથને  સમાન રીતે લાભ મળી રહે તે માટે ગામના આગેવાનો અને હકારાત્મક લોકોની સમિતિ તૈયાર કરવી અને તેમની જાબદારીઓ નક્કી કરવી.

### ૮.3 સમિતિ સાથે તળાવના વ્યવસ્થાપનની રૂપરેખા તૈયાર કરવી

લાભાર્થી/ઉપભોક્તાની જે સમિતિ બનાવવામાં આવી તે સમિતિને તળાવ વિષયક તમામ બાબતો સમજાવવામાં આવે જેવી કે,

- તળાવને પંચાયતના મિલકત રજીસ્ટરમાં રજીસ્ટર કરવું.
- તળાવના આવક વિસ્તારમાં સાફ-સફાઇ રહે અને દબાણ ન થાય તે માટેના નિયમો બનાવવા.
- તળાવમાં અને તેની આસપાસના વિસ્તારમાં દબાણ ન થાય તે માટેના નિયમો બનાવવા.
- પંચાયતમાં આ બધા નિયમોના ઠરાવ પસાર કરી તેને કાયદાનું રૂપ આપવું.



## આ માર્ગદર્શિકા તૈયાર કરવા માટે સહયોગ આપવા બદલ આભાર


અઝીમ પ્રેમજી ફિલન્થ્રોપીક ઈનીસીએટીવ્સ-ન્યુ દિલ્હી

Azim Premji Philanthropic Initiatives (APPI)

New Delhi

વ્હીલ્સ ઈન્ડિયા નિસ્વાર્થ ફાઉન્ડેશન-ગાંધીનગર (ગુજરાત)

Wheels India Niswarth Foundation (WIN)

Gandhinagar-Gujarat




# માર્ગદર્શિકા

## હયાત સપાટીય જળસ્રોતો(તળાવ/ચેકડેમ)ની જાળવણી અને વ્યવસ્થાપન

Standard Operating Procedure

Guidelines & Support



Kankavati Managed Aquifer Recharge Through Community

K-MARC

Groundwater - Secure it, Secure your self

Visit Us
www.kmarc.live
www.act-india.org

ARID COMMUNITIES & TECHNOLOGIES

એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ
એ-૫૬, ચંગલેશ્વર સોસાયટી, રંજનવાડીની સામે,
મુન્દ્રા રોડ રી લોકેશન સાઇટ, ભૂજ-કચ્છ.